## કમિશનર ટેકનીકલ શિક્ષણની કચેરી, ગાંધીનગર

સરકારી ઇજનેરી કોલેજોમાં સહાયક પ્રાધ્યાપકો અને સરકારી પોલીટેકનીક કોલેજોમાં વ્યાખ્યાતાઓની ખાલી જગ્યાઓ ૧૧ માસ માટે અથવા ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે નિયમિત નિમણૂંક દ્વારા ઉમેદવારો ઉપલબ્ધ થાય તે બે માંથી જે ઓછું હોય તેટલા સમય માટે કરાર આધારિત ફીક્સ પગારથી જગ્યાઓ ભરવા માટે શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ છે. આ કરાર આધારિત ફીક્સ પગારથી જગ્યાઓ ભરવા માટે શિક્ષણ વિભાગની આખરી મંજુરી મળવાની અપેક્ષાએ આ પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. ગુજરાત જાહેર સેવા આયોગને મોકલેલ માંગણાપત્રકોની મર્યાદામાં આ પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. આ પ્રક્રિયા દ્વારા એક હ્યુમન રીસોર્સ બેંક બનાવવાનું આયોજન છે. શિક્ષણ વિભાગની આખરી મંજુરી મળ્યા બાદ આ બેંકમાંથી જરુરિયાત મુજબ નિમણુંક આદેશ કરવામાં આવશે.

આથી સરકારી ઇજનેરી કોલેજો ખાતેની સહાયક પ્રાધ્યાપકોની અને સરકારી પોલીટેકનીકો ખાતેની વ્યાખ્યાતાઓની નીચેના ટેબલમાં દર્શાવેલ સંખ્યાની મર્યાદામાં જગ્યાઓ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદાની જોગવાઇ પરિપૂર્ણ કરતા ઉમેદવારો દ્વારા ભરવામાં આવશે.

કરારના ધોરણે આપવામાં આવનાર માસિક ફીક્સ વેતનથી નિમણૂંક અંગેની બોલીઓ અને શરતો આ સાથે સામેલ છે, તે ધ્યાને લઇ પસંદ થયેલ ઉમેદવાર તે સાથે સંમત થયેથી ઉમેદવાર તેઓ નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

| ક્રમ | વિધ્યાશાખા | ડીગ્રી ઇજનેરી કોલેજો ખાતે સહાયક પ્રાધ્યાપકની જગ્યાઓની સંખ્યા | પોલીટેકનીકો ખાતે વ્યાખ્યાતાની જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મિકેનીકલ ઇજનેરી | ૭૫ | ૨૧૦ |
| ૨ | સીવીલ ઇજનેરી | ૭૦ | ૧૭૨ |
| ૩ | ઇલેક્ટ્રીકલ ઇજનેરી | ૫૦ | ૨૧૨ |
| ૪ | ઇલેક્ટ્રોનીક્સ એન્ડ કોમ્યુનીકેશન ઇજનેરી | ૨૪ | ૬૪ |
| ૫ | એપ્લાઇડ મિકેનીક્સ | ૩૩ | ૫૧ |
| ૬ | ગણિતશાસ્ત્ર | ૨૩ | ૧૧ |
| ૭ | કોમ્પ્યુટર ઇજનેરી | ૨૨ | ૯૨ |
| ૮ | ઇન્ફર્મેશન ટેકનોલોજી | ૧૫ | ૩૪ |
| ૯ | કેમિકલ ઇજનેરી | ૨૦ | ૨૨ |
| ૧૦ | ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ ઇજનેરી | ૧૪ | ૩૨ |

| ક્રમ | વિધ્યાશાખા | ડીગ્રી ઇજનેરી કોલેજો ખાતે સહાયક પ્રાધ્યાપકની જગ્યાઓની સંખ્યા | પોલીટેકનીકો ખાતે વ્યાખ્યાતાની જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧૧ | માઇનીંગ ઇજનેરી | ૧૦ | ૦૭ |
| ૧૨ | પ્રોડક્શન ઇજનેરી | ૧૪ | --- |
| ૧૩ | ભૌતિકશાસ્ત્ર | ૦૩ | ૧૫ |
| ૧૪ | બાયો મેડીકલ ઇજનેરી | ૦૯ | ૨૦ |
| ૧૫ | એન્વાયરમેન્ટલ ઇજનેરી | ૦૭ | ૦૫ |
| ૧૬ | ઑટોમોબાઇલ ઇજનેરી | ૦૧ | ૩૧ |
| ૧૭ | મેટલર્જી | ૦૨ | ૦૮ |
| ૧૮ | પાવર ઇલેક્ટ્રોનીક્સ | ૦૨ | --- |
| ૧૯ | રબર ટેકનોલોજી | ૦૨ | --- |
| ૨૦ | ટ્રાન્સ્પોર્ટેશન ઇજનેરી | --- | ૦૭ |
| ૨૧ | ઈન્ડસ્ટ્રીયલ એન્જી. | ૦૨ | --- |
| ૨૨ | આર્કીટેક્ચરલ આસીસ્ટન્ટશીપ | --- | ૧૫ |
| ૨૩ | સીરામીક ટેકનોલોજી | --- | ૦૮ |
| ૨૪ | ફેબ્રીકેશન ટેકનોલોજી | --- | ૦૪ |
| ૨૫ | પ્રિન્ટીંગ ટેકનોલોજી | --- | ૦૨ |
| ૨૬ | અંગ્રેજી | ૦૪ | ૦૬ |
| ૨૭ | રસાયણશાસ્ત્ર | --- | ૦૫ |
| ૨૮ | પ્લાસ્ટીક ઈજનેરી | --- | ૦૪ |
| ૨૯ | ટેક્ષટાઈલ મેન્યુ. ટેકનોલોજી | --- | ૦૬ |
| ૩૦ | ટેક્ષટાઈલ પ્રોસેસીંગ (કેમેસ્ટ્રી) | --- | ૦૪ |
| | **કુલ** | **૪૦૨** | **૧૦૪૭** |

શિક્ષણ વિભાગની મંજુરી મળ્યા બાદ કરારના ધોરણે આપવામાં આવનાર નિમણુંક નીચે જણાવેલ બોલીઓ અને શરતોને આધિન રહેશે.

**<u>૧૧ માસ માટે કરાર ના ધોરણે અપાતી/ માનદ વેતનથી નિમણુકો અંગેની બોલીઓ અને શરતો</u>**

૧. નિમણુક મેળવનાર ઉમેદવારને કરારના સમયગાળા દરમ્યાન રૂ. ૩૦,૦૦૦/- સહાયક પ્રાધ્યાપકની જગ્યા માટે અથવા રૂ.૨૫,૦૦૦/- વ્યાખ્યાતાની જગ્યા માટે માસીક ફિક્સ પગાર/ માનદ વેતન મળશે. તેઓની નિંમણુક કરારના ધોરણે ગણવામાં આવશે તથા કરારની મુદત ૧૧ માસની અથવા ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે નિયમિત નિમણૂંક દ્વારા ઉમેદવારો ઉપલબ્ધ થાય તે બે માંથી જે ઓછું હોય તેટલા સમય માટે રહેશે.

૨. ઉભય પક્ષે એક માસની નોટીસ અથવા એક માસની ફિક્સ પગારની રકમ/ માનદ વેતન સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.

૩. નિયત ફિક્સ પગાર / માનદ વેતન પર કોઈ પણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહિ.

૪. કરારના સમયગાળા દરમ્યાન નિમણુક મેળવનાર ઉમેદવારને ફિક્સ પગાર તેમજ માનદવેતનમાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહિ. મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત અથવા પગારપંચના બીજા લાભો કે સેવા વિષયક અન્ય કોઈ લાભો મળવાપાત્ર થશે નહિ.

૫. કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહિ.

૬. કરારના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા/ નોકરી પેન્શન, બોનસ, એલટીસી, એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઈ નાણાકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહિ.

૭. કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાની ફિક્સ પગાર, માનદવેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબિજનોને મળવાપાત્ર થશે. પરંતુ, બીજા લાભ એકસગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહિ.

૮. નિમણુક મેળવનાર ઉમેદવારને સમાનસંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેકટિસ કે અન્યત્ર પાર્ટટાઈમ નોકરી કરી શકાશે નહિ. જાહેરરજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરુરિયાત ને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઈ શકશે નહિ.

૯. નિમણુક મેળવનાર ઉમેદવારને કરારના સમયગાળા દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૧ પરચુરણ રજા મળવાપાત્ર થશે, અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહિ. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસના પગારની કપાત કરી લેવામા આવશે. મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

૧૦. નિમણુક મેળવનાર ઉમેદવારે કાર્યમથક પર રહેઠાણે રહેવાનું ફરજિયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહિ.

૧૧. ફરજના ભાગરુપે મુખ્ય મથકથી ૮ કિ.મી. બહાર જવાનું થાય તો ૬-કલાકથી વધુ અને ૧૨-કલાક સુધીના રોકાણ માટે રૂ.૧૫/- અને ૧૨-કલાકથી વધુ સમય માટે રૂ.૩૦/- દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે. તેમજ મુસાફરી ભાડા પેટે એસ.ટી.બસ/ રેલ્વેનું બીજા વર્ગનું ભાડુ મળવાપાત્ર થશે.

૧૨. કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઈ પણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઈપણ સમયે નોકરી સમાપ્ત કરવામા આવશે.

૧૩. સરકારશ્રી તરફથી વહિવટી હિતમાં બીજી કોઈ જરુરી શરતો નક્કી થાય તે પણ બંધનકર્તા રહેશે.

૧૪. વ્યવસાયવેરાની કપાત નિયમાનુસાર ફિક્સ પગાર/ માનદવેતનમાંથી કરી લેવાની રહેશે.

૧૫. નિમણુકના સમય દરમ્યાન ઉમેદવારે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઈપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજ્યસરકારની કોઈ જવાબદારી રહેશે નહિ.

૧૬. કરાર આધારિત ઉચ્ચક વેતનથી/ માનદવેતનથી નિમણુક પામેલ ઉમેદવાર સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઈ હક્ક પ્રાપ્ત થશે નહિ.

૧૭. ઉપરોક્ત શરતો નિમણુક પામનાર ઉમેદવારને સ્વિકાર્ય છે, તે અંગેનું સંમતિપત્ર મેળવવાનું રહેશે.

૧૮. આ ભરતી જે તે સંવર્ગના ભરતી નિયમો અનુસાર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરતીની નિયત કરાયેલ પ્રક્રિયાને અનુસરીને જ કરવાની રહેશે અને નિયત અરજીપત્રકમાં આ શરતોનો સમાવેશ કરવાનો રહેશે.

૧૯. કરાર આધારિત ફરજ ઉપર જોડાતા પહેલા શારીરિક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૨૦. કરારથી ફિક્સ પગારથી/ માનદવેતનથી જોડાનાર ઉમેદવારે કરાર કરવાનું સ્વિકારતા પહેલા તેમની સેવા લેનાર સત્તાધિકારીને યોગ્ય લાગે તો પર્સનલ એક્સીડન્ટ યોજના અંતર્ગત વિમો મેળવી લેવાનો, અદ્યતન કરાવવાનો તથા તેનો આધાર કચેરીમાં રજુ કરવાનો રહેશે. આ અંગે વિમાના પ્રિમિયમનો ખર્ચ કચેરી દ્વારા ભોગવવામાં આવશે નહિ.